

ચાલીસ ડીગ્રી પછી ગાંધીનગરની વનરાઈ રંગોથી લહેરાઈ ઉઠે છે... ચાલીસની વય વટાવ્યા પછી હદયની આંખે પણ ઠાવકાઈના ચશ્મા પહેરાઈ જાય છે... આવામાં અંતરની ગહેરાઈથી ઉલેચાઈ જવામાં મજા છે..! ચાલીસ પછી ચોપાસના રંગોથી અંગોને ન રંગી શકો તો જે તે ડૉક્ટર પાસે ચેક-અપ કરાવી લેવા વિનંતી...

આજકાલ ગરમીમાં તાપ અને સંતાપને થાપ આપીને, આવરણો ત્યજીને પૂરબહારમાં પાંગરેલી પ્રકૃતિના ઓવારણા લેવાના દિવસો છે...! ગાંધીનગરમાં મોસમનો મિજાજ એવો ખીલ્યો છે કે, ગરમી પણ નરમી ભાસે...! પણ **conditions apply** જે વટેમાર્ગુઓ સચિવાલય અને વિધાનસભા વટોળી શકશે તે જ આ વૈભવનું વ્હાલ અનુભવી શકશે...!!!

ફોટો સ્ટોરી : હિરેન ભટ્ટ

# આગામી સપ્તાહથી જીલ્લા પંચાયતમાં બાયોમેટ્રીક એટેન્ડેન્સ પ્રોજેક્ટ અમલી થશે

## કર્મચારીઓ-અધિકારીઓની થમ્બ ઈમ્પ્રેશન સેવાની કાર્યવાહી ગતિમાં : વહીવટી સુધારણામાં બીજુ મહત્વનું પગલુ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આવતા સપ્તાહથી બાયોમેટ્રીક એટેન્ડેન્સ સિસ્ટમનો આરંભ થઈ જાય તે દિશામાં ચક્રો ગતિમાન કરાયા છે.

આજથી આ માટે કર્મયોગીઓની થમ્બ ઈમ્પ્રેશન મેળવવાની કાર્યવાહી ચાલુ કરવામાં આવી છે. જિલ્લા પંચાયતની વડી કચેરીમાં ૨૦૦થી વધુ કર્મચારીઓ હાલ ફરજ બજાવી રહ્યા છે. આગામી સપ્તાહના પ્રથમ બે-ત્રણ દિવસમાં જ થમ્બ ઈમ્પ્રેશન સેવાની તેમજ તેને સ્ટોર કરવા સહિતની કામગીરી સંપન્ન કરી દેવામાં આવશે.

ગુરૂવારથી પાયલોટ પ્રોજેક્ટ અમલી બનશે અને એ પછીના સપ્તાહથી નિયમિત રીતે આ એટેન્ડેન્સ પ્રથા અમલી બની જશે તેમ પંચાયતના સૂત્રોએ જણાવ્યુ છે.

પંચાયતની ગત સામાન્ય સભામાં રજુ થયેલ બજેટમાં આ બાયોમેટ્રીક એટેન્ડેન્સ પ્રોજેક્ટને બહાલી આપવામાં આવી હતી. હવે આ પ્રોજેક્ટ અમલીકરણની દિશામાં આગળ વધી રહેલ છે.

પંચાયતમાં લેટ આવતા કર્મચારીઓની ઓળખ આપોઆપ આ પ્રોજેક્ટમાં છતી થઈ જશે એટલુ જ નહિ ત્રણ મજલાની પંચાયતના દરેક મજલે આ મશીનો ઈન્સ્ટોલ કરવામાં આવનાર છે.

જિલ્લામાં વહીવટીતંત્રની સુધારણામાં લેવાયેલ આ બીજુ મહત્વનુ પગલુ છે. પ્રથમ શિક્ષણમાં ઓનલાઈન એટેન્ડેન્સ પ્રોજેક્ટની સફળતા બાદ સત્તાવાળાઓએ હવે પંચાતની કચેરીમાં આ બાયોમેટ્રીક પ્રોજેક્ટ અમલી બનાવવાની દિશામાં પગલુ ભર્યુ છે.

# શહેરમાં ૯મીથી મુનલાઈટ કાર્યક્રમ

## નવમી મે એટલે પૂનમની રાતે ચાંદનીના પ્રકાશમાં સંગીત કાર્યક્રમ ઘ-૪ થી મહાત્મા મંદિર વચ્ચેના સેન્ટ્રલ વિસ્ટા ખાતે યોજાશે : નગરજનો માટે ખગોળ દર્શન નિહાળવવા માટે ટેલિસ્કોપ પણ ગોઠવાશે

**તા.૯ થી ૧૧ મે, દરમ્યાન રાતના ૯ થી ૧૨ કલાક દરમ્યાન નગરની સ્ટ્રીટ લાઇટો બંધ રહેશે**

**સૌ પ્રથમ રાજયમાં એક નવતર પ્રયોગ કૃત્રિમ પ્રકાશમાંથી કુદરતી પ્રકાશ તરફ**

ગાંધીનગર, તા.૬

ચંદ્રમાની રાતની રાજયના પાટનગર વાસીઓ અનુભૂતિ કરી શકે અને પ્રકૃતિ-નિસર્ગ તરફ લગાવ થાય તથા મુનલાઈટના ટુરિઝમ તરફ લાવવાના ઉમદા આશયથી રાજ્ય સરકારની પ્રેરણા હેઠળ જિલ્લા વહીવટી તંત્ર, ગાંધીનગર દ્વારા મુનલાઈટના અનેરા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ મુનલાઈટનો કાર્યક્રમ તા. ૯ થી ૧૧મી મે, ૨૦૧૭ના રોજ રાતના ૯ થી ૧૨ કલાક દરમ્યાન ઘ-૪ થી મહાત્મા મંદિર વચ્ચેના સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન ખાતે યોજાશે. તેમજ તા.૯મી મે, ૨૦૧૭ના રોજ રાતના ૮.૩૦થી ૧૦.૦૦ કલાક દરમ્યાન ચાંદની પ્રકાશમાં સંગીત કાર્યક્રમનું પણ સેન્ટ્રલ વિસ્ટા ખાતે કરવામાં આવ્યું છે.

આજના આધુનિક યુગમાં નાના બાળકો વીજળીથી ચાલતા બલ્બના પ્રકાશમાં ચાંદની રાતનું

● અનુસંધાન પાન-૭ પર

# શહેરના સરકારી રહેણાંક વિસ્તારમાં પાર્કીંગ પ્લેસ તૈયાર કરાશે

## સેકટર મુજબ રહેણાંક મકાનોને અનુલક્ષી પાર્કીંગની કામગીરી હાથ ધરાશે : પાર્કીંગની કામગીરી પાછળ લાખો રૂપિયાનો ખર્ચ કરાશે

ગાંધીનગર તા ૬

શહેરમાં સરકારી રહેણાંકોની સ્થિતિ દિનપ્રતિદિન કંગાળ બનતી જાય છે. નગરના સરકારી આવાસો પૈકી મોટાભાગના રહેણાંકની દ્રષ્ટીએ યોગ્ય રહયા નથી. ત્યારે નવા આવાસો બાંધવાનુ કામ હાથ ધરાયુ છે. કોર્પોરેટ લુક ધરાવતા મકાનોમાં આવાસોને અનુલક્ષી બગીચા તેમજ પાર્કીંગની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવશે. આવા સંજોગોમાં જુના આવાસોને અનુલક્ષીને પણ પાર્કીંગ પ્લેસ તૈયાર કરવા માટે કાર્યયોજના તૈયાર કરી દેવાઈ છે. સરકારી રહેણાંકને ધ્યાને લઈ પાર્કીંગ બ્લોક નાંખવાનુ કામ ટુંકમાં જ સેકટર મુજબ હાથ ધરાશે. આ યોજના પાછળ અંદાજિત ૧ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

શહેરના સેકટરોમાં સ્થિત વિવિધ કેટેગરીના સરકારી આવાસોને અનુલક્ષી મજબુતીરણનુ કામ તબક્કાવાર હાથ ધરવામાં આવે છે. જો કે છેલ્લા કેટલાક સમયથી આવાસોના રીનોવેશનની કામગીરી ઠપ્પ થઈ ગઈ છે. સેકટરોમાં બિસ્માર ભાસતા સરકારી આવાસો પૈકી મોટાભાગના જોખમી હાલતમાં હોવાનો સુર ઉઠવા પામ્યો છે. ત્યારે બીજીતરફ નવા સરકારી મકાનો બાંધવા માટે કામ પ્રગતિ હેઠળ છે. નવા આવાસો તૈયાર કરવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહયો છે. સે-૭, ૨૯, ૩૦ માં નવી ટાવર કોલોની બાંધવામાં આવી રહી છે. ટાવર કોલોની બાંધવાનુ મોટાભાગનુ કામ આગામી જુલાઈ મહીનામાં પુર્ણ થઈ જશે. જયારે કોર્પોરેટ લુક ધરાવતા આ આવાસોને અનુલક્ષી

● અનુસંધાન પાન-૭ પર

# સેકટરોના આંતરિક માર્ગોની સુધારણા માટે આખરે ૨૦ કરોડના ખર્ચને મંજુરી

## સેકટરોના આંતરિક માર્ગો ઉબડ ખાબડ બનતા સ્થાનિક રહીશોમાં રોષ પ્રવર્તયો હતો : ધારાસભ્ય અશોક પટેલે નાયબ મુખ્યમંત્રીને રજુઆત કરી હતી

ગાંધીનગર તા ૬

શહેરના સેકટરોમા માર્ગોની સુધારણા માટે આખરે માર્ગ મકાન મંત્રી રૂ ૨૦ કરોડના ખર્ચને મંજુરી આપી દીધી છે. છેલ્લા પાંચ વર્ષથી આંતરિક માર્ગોનુ કામ હાથ ધરાયુ નથી. જયારે નિયત સમય વિતી જતા હાલ સેકટરોમાં મોટાભાગના માર્ગો ઉબડ ખાબડ હાલતમાં છે. જયારે વિભાગ દ્વારા રજુ કરાયેલી દરખાસ્તને અનુલક્ષી સેકટરવાસીઓની હાલાકી નિવારવા સ્થાનિક ધારાસભ્યએ પણ નાયબ મુખ્યમંત્રીને આ મામેલ વારંવાર રજુઆત કરી હતી. જેના અંતે સેકટરોના આંતરિક રોડ નેટવર્કને ચકાચક બનાવવા માટે ૨૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે.



ગાંધીનગરમાં ખુલ્લા અને પહોળા માર્ગોથી બહારથી આવતા મુલાકાતીઓ પણ વિશેષ આર્કષિત થતા હોય છે. જયારે નગરનુ રોડનેટવર્ક મુલાકાતે આવતા મહાનુભાવોનુ પણ ધ્યાન ખેંચે છે. પરંતુ છેલ્લા ઘણાં સમયથી માર્ગ સુધારણાની કામગીરીને મંજુરી ન અપાતા સેકટરોના આંતરિક માર્ગોની દશા બેઠી છે.

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યમાં સૌથી વધુ ગાંધીનગરમાં ૪૩ ડિગ્રી

## ગાંધીનગર, અમરેલી અને સુરેન્દ્રનગરમાં પારો ૪૩ ડિગ્રી અમદાવાદ તેમજ રાજકોટમાં ૪૨.૯ તાપમાન નોંધાયું

અમદાવાદ, તા.૬

ગાંધીનગર સહિત રાજ્યભરમાં તીવ્ર ગરમીનું મોજુ ફરી વળ્યું છે. આજે પણ આગઝરતી ગરમીથી લોકો ભારે પરેશાન રહ્યા હતા. અમદાવાદ શહેરમાં યલો એલર્ટની જાહેરાત કરવામાં આવેલી છે. જો કે, અમદાવાદ શહેરમાં હિટવેવ એક્શન પ્લાન પહેલાથી જ અમલી છે. ગાંધીનગર સહિત રાજ્યના ઘણા ભાગોમાં મહત્તમ તાપમાનમાં સતત ફેરફારની સ્થિતિ જોવા મળી હતી. આજે રાજ્યના ઘણા ભાગોમાં પારો ૪૩થી ઉપર રહ્યો હતો જે પૈકી પાટનગર ગાંધીનગરમાં ૪૩, અમરેલીમાં ૪૩ અને સુરેન્દ્રનગરમાં ૪૩ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. અમદાવાદમાં પણ પારો ૪૨.૯ ડિગ્રી સુધી પહોંચી ગયો હતો. જ્યારે લઘુત્તમ તાપમાનમાં પણ ફેરફારની સ્થિતિ જોવા મળી હતી. અમદાવાદ શહેરમાં આવતીકાલે મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટા ફેરફાર થાય તેવી શક્યતા નહીંવત દેખાઈ રહી છે. લોકો બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં કાળઝાળ ગરમીથી લોકો આજે પણ ત્રાહિમામ પોકારી ગયા હતા. હવામાન વિભાગ તરફથી હિટવેવને લઈને કોઈપણ પ્રકારની ચેતવણી જારી કરવામાં આવી નથી પરંતુ બપોરના ગાળામાં હાલમાં લોકો વધુ સાહસ કરી રહ્યા નથી. અમદાવાદ શહેરમાં જુદી જુદી સ્વૈચ્છિક સંસ્થાઓ અને લોકો દ્વારા વિવિધ વિસ્તારોમાં પાણીની પરબ મુકવામાં આવી છે. આ ઉપરાંત પણ સેવાભાવી સક્રિય થયેલી છે. અમદાવાદ શહેરમાં બપોરમાં જનજીવન પણ ખોરવાયું હતું. ઘણા રસ્તાઓ સુમસામ બન્યા હતા. સ્વૈચ્છિક સંસ્થાઓ પણ સક્રિય થયેલી છે. આ સાથે જ શરીર પર એવા વસ્ત્રો પહેરવા જેથી કરીને ગરમ પવનોની અસર ન થાય. લૂ ન લાગે કે હિટસ્ટ્રોકનો ભોગ બનવું ન પડે તે માટે લોકોને બને એટલું પાણી વધારે પીવા પર ખાસ સલાહ સલાહ આપવામાં આવી છે. બીજી બાજુ સામાન્ય લોકો પણ સાવધાન થયા છે અને બપોરના ગાળામાં હવે લોકો નજરે પડી રહ્યા નથી. કામ સિવાય બહાર નહીં નિકળવાની સૂચનાનું પાલન કરવામાં આવી રહ્યું છે. આજે સૌરાષ્ટ્ર અને કચ્છમાં તીવ્ર ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો. તીવ્ર ગરમી વચ્ચે ઈન્ફેક્શનના બનાવોમાં સતત વધારો થતાં લોકોને સાવચેત રહેવા પણ નિષ્ણાત તબીબો સૂચન કરી રહ્યા છે. અમદાવાદ સહિત રાજ્યના અનેક ભાગોમાં પારો સતત વધી રહ્યો છે. પાટનગર ગાંધીનગરમાં આજે મહત્તમ તાપમાન ૪૩ સુધી પહોંચ્યું હતું. હવામાન ખાતાની આગાહી પ્રમાણે હજુ પણ આગામી દિવસોમાં ગરમીનું પ્રકોપ યથાવત રહેવાની શક્યતા છે.



**બજેટ મંજૂર થયાના બે જ મહિનામાં**

# પ્રથમવાર બજેટની જોગવાઈમાં સુધારો સામાન્ય સભામાં થશે

## પંચાયતના સભ્યોના દબાણને વશ થઈ રાજકીય નિર્ણય : સભ્યોને સંઘર્ષ નહિ સમન્વય જાળવી સૌનો સાથ સૌનો વિકાસને ચરિતાર્થ કરવા પ્રમુખની ટકોર

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લા પંચાયતના સદસ્યોને સ્વભંડોળમાંથી અપાતી વિસ્તાર વિકાસ ગ્રાન્ટમાં મુકાયેલો કાપ રદ કરી તેને ગત વર્ષ જેટલી જ રાખવા માટે સભ્યોના આગ્રહને વશ થઈ આ વખતની સામાન્ય સભામાં તે અંગે બજેટ સુધારા મુદ્દા તરીકે સમાવેશ કરવામાં આવેલ છે.

બજેટ પસાર કર્યાના બે મહિનામાં જ બજેટની જોગવાઈઓમાં પુનઃ વિચારણા માટે સામાન્ય સભામાં મુદ્દો લઈ આવવાની ઘટના જિલ્લા પંચાયતની તવારીખીમાં પહેલીવાર બની રહી છે.

બજેટમાં સભ્યોને અપાતી વાર્ષિક ગ્રાન્ટ ૧૦ લાખને બદલે ઘટાડીને પાંચ લાખ કરવામાં આવી હતી. ચૂંટણીનું વર્ષ હોવાથી સભ્યોને ખુશ રાખવાનું દબાણ તેમજ વિકાસના કામોને ઝડપથી વહીવટીય અને તાંત્રિક મંજૂરી મળે તે આગ્રહને લઈ ખાસ સામાન્ય સભામાં આ મુદ્દો સમાવાયો હોવાનુ જાણવા મળેલ છે.

સભ્યો દ્વારા વિકાસના કામો સૂચવવાની વાત આવતાં જ આખીય હકીકત બહાર આવી હતી અને કોંગી સભ્યોએ પ્રમુખ પર આ મુદ્દે દબાણ પણ વધારી દીધુ હતુ.

કોંગ્રેસના અંતર્ગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે રેતી કાંકરીના ગ્રાન્ટના કામોની મંજૂરી પણ સામાન્ય સભામાં મંજૂર કરાવવાની વાતને લઈ આ વખતની ખાસ સામાન્ય સભામાં આ અંગે જુદા જુદા મુદ્દાઓ બનાવી મંજૂરીની મહોર મારવામાં આવશે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે કોંગ્રેસ પક્ષ ચૂંટણી પહેલાં એક પણ સભ્ય નારાજ ના થાય તે માટે પ્રદેશમાંથી પણ ખાસ સૂચનાઓ આપવામાં આવી છે.

આ ખાસ સામાન્ય સભામાં બે સમિતિઓની રચનાનો મુદ્દો પણ સમાવી લેવામાં આવ્યો છે. જો કે સમિતિમાં કોઈ ફેરફાર થાય છે કે પછી એ જ સભ્યોને

● અનુસંધાન પાન-૭ પર


લગ્ન વિષયક

ગાંધીનગ સ્થિત ૪૪ વર્ષીય પ્રતિભા સંપન્ન યુવક માટે કન્યા જોઈએ છે. છૂટાછેડા અથવા વિધવા સંસ્કારી જીવનસાથીની પસંદગી માટે જ જાહેરાત છે.

સંપર્ક
મો. : ૭૦૬૯૫ ૩૬૦૦૬
ફોન : ૨૩૨-૪૩૦૩૧

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com